રજુ તારીખ : ૦૬.૧૦.૨૦૨૨
દાખલ તારીખ : ૦૬.૧૦.૨૦૨૨
નિકાલ તારીખ : ૧૨.૧૧.૨૦૨૨
સમયગાળો : વર્ષ–માસ–દિવસ.
૦૦–૦૦– ૦૦

**મે.બોડેલીના એડીશ્નલ ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં.**

**ફો.કે.નં : ૧૧૮૩/૨૦૨૨**
**આંક :**

**ફરીયાદી :** શ્રી સરકાર.

**વિરૂધ્ધ**

**આરોપી :** અલ્પેશભાઈ નવીનભાઈ બારીયા
રહે : ડુમા,
તા. જાંબુઘોડા, જી.પંચમહાલ

**ગુન્હો : ધી મો.વ્હી.એકટની કલમ–૧૮૫ મુજબ.**

ફરીયાદ પક્ષ તરફે વિ.એપીપીશ્રી, વાય. આર. દરજી
આરોપી તરફે વિ.વકીલશ્રી,

**: ઠરાવ:**

(૧) ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકિકત એવી છે કે, આ કામનાં આરોપીએ ગઈ તા.૨૭/૧૦/૨૦૨૧ ના કલાક ૧૯ : ૦૦ વાગે મોજે અલીખેરવા ગામે આવતા એક ઈસમ પોતાના કબજાની હીરો કંપનીની સ્પલેન્ડર મો.સા. જેનો રજીસ્ટ્રેશન નં.જીજે–૦૬–એફઆર–૬૨૦૧ ની વગર પાસ પરમીટે કેફી પીણાનો નશો કરેલી હાલતમા ચલાવી પોતાની તથા બીજાઓની જિંગદી જોખમાઈ તે રીતે હંકારી પકડાઈ જઈ આ કામનાં આરોપીએ ધી મો.વ્હી.એકટની કલમ–૧૮૫ મુજબનો ગુનો કરેલ છે.

(૨) આરોપી સામે ચાર્જશીટ રજુ થતાં અને આરોપી આજરોજ રૂબરૂ નામ.કોર્ટ સમક્ષ હાજર રહેતાં તેની સામે આક્ષેપાયેલ ગુનો કબુલ કરવા માગતો હોય અને તે અંગેની પુરસીસ રજુ કરી તથા આરોપીને આક્ષેપિત ગુના અંગે સમજ કરવામાં આવેલ અને આરોપીએ કોઈપણ જાતનાં દબાણ વગર સ્વેચ્છાએ ગુનો કબુલ કરતા હોવાનું જણાવેલ અને આરોપીની પ્લી રેકોર્ડ કરતાં તેમાં પણ

આરોપીએ ગુનો કબુલ કરતો હોવાનું જણાવેલ છે. આમ, આરોપી તેની સામેનાં ગુનાની સ્વૈચ્છિક કબુલાત કરતો હોય અને તે અંગે લેખિત કબુલાત પુરસીસ રજુ કરેલ છે તેમજ પોતાની કબુલાત પુરસીસમાં જણાવે છે કે, તેનો પ્રથમ ગુનો છે, ગુના બદલ પસ્તાવો વ્યકત કરે છે અને હવે પછી આ પ્રકારનો ગુનો નહીં બને તેની તકેદારી રાખશે અને તેઓ ગરીબ વર્ગનાં માણસ છે, તેઓને તેઓનો ગુનો કબુલ છે અને તેઓની ઉપર રહેમ રાખવા વિનંતી કરેલ છે. આમ આરોપી પોતાની સામેનો ગુનો સ્વૈચ્છિક કબુલ કરતો હોય આરોપીની સ્વૈચ્છિક કબુલાતનો સ્વીકાર કરી, કેસની હકીકતો અને સંજોગોને ધ્યાને રાખી સદરહુ ગુનામાં તકસીરવાન ઠરાવી ન્યાયના હીતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**: હુકમ :**

– આ કામનાં આરોપી અલ્પેશભાઈ નવીનભાઈ બારીયા રહે : ડુમા, તા. જાંબુઘોડા, જી.પંચમહાલ ને ક્રિ.પ્રો.કોડની કલમ–૨૫૨ અન્વયે તેઓની સામેનાં ધી મો.વ્હી.એકટની કલમ–૧૮૫ મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી કોર્ટ ઉઠતાં સુધીની સજા તેમજ રૂા.૫૦૦/– (અંકે રૂપિયા પાંચસો પુરા)નો દંડ અને જો આરોપી દંડની રકમ ન ભરે તો દિન–૨ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તા. માહે સને **૨૦૨૨** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી , સંભળાવી જાહેર કર્યો.

તા. / /૨૦૨૨
બોડેલી

**(ભદ્રેશકુમાર ગોવિંદભાઈ પટેલ )**
**કોડ નં.જીજે ૦૬૫૮**
**એડી.ચીફ.જ્યુડી.મેજીસ્ટ્રેટ,**
**બોડેલી**